## વડીલોને વંદન અભિનંદન

બિહારીલાલ રમણલાલ શેઠ
(૧૯૫૩) ફોન: ૨૩૨૧૧૫૨૨

ચિત્રસેન રવજીભાઈ શાહ
(૧૯૪૦) ફોન: ૨૩૨૬૦૫૮૨

ગોવિંદભાઈ પી. જેસલપુરા
(૧૯૪૭) ફોન: ૨૩૨૩૩૬૭૧

# મોડાસા નગરપાલિકા, સેનેટરી અને આરોગ્ય વિભાગની લાલીયાવાડી

## જાહેર શૌચાલયમાં રાત્રે ફુટની લારીઓનો કબ્જો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં મોડાસા નગરપાલિકા શૌચાલયનો કોન્ટ્રાક્ટ ચલાવતા તીરંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ જાહેર શૌચાલયનો ખાનગી ઉપયોગ સાથે રાત્રી દરમિયાન શૌચાલયનુ મકાન ફુટની લારીઓ વાળા ફેરીયાને ભાડે આપવામાં આવ્યું છે તેમજ આજુબાજુમાં ગંદકીના ઢગ અને બદબૂથી ખદબદતુ હોવાથી આ ટ્રસ્ટના સંચાલક દ્વારા પ્રજાજનોની જીંદગી જોખમમાં મુકવાનો ખીલવાડ કરી રહ્યા છે.

મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકાના જાહેર શૌચાલયનો કોન્ટ્રાક્ટ તીરંગા ચેરીટેબલ ટ્રસ્ટને સંચાલન કરવા આપવામાં આવ્યો છે. જેમાં ડિપ વિસ્તારમાં જાહેર શૌચાલયની આજુબાજુ ગંદકી અને લુખ્ખા તત્વો અને લારી-ફેરીયાઓએ અડીંગો જમાવી દિધો છે. મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં મોટી હોસ્પિટલો, શાળાઓ અને મુસાફરોનુ પીક અપ સ્ટેન્ડ હોવાથી અહિ હજારોની સંખ્યામાં મુસાફરો અને પ્રજાજનો આવન-જાવન કરતા હોવાથી અને મહિલાઓ પણ વિશેષ પ્રમાણમાં આવન-જાવન હોવાથી આ જાહેર શૌચાલયનો ઉપયોગ કરવાનુ ટાળી રહી છે. અહી અડીંગો જમાવીને બેઠેલા લારી-ફેરીયાવાળાઓ અને લુખ્ખા તત્વોથી મહિલાઓ શરમ સંકોચ તથા ભય અનુભવતી હોવાથી જાહેર શૌચાલય હોવા છતાં મહિલાઓને મુંઝવણમાં મુકાવાની સ્થિતિ પેદા થાય છે. અને કોન્ટ્રાક્ટરની લાલીયાવાડીથી મહિલાઓએ પરેશાની ભોગવવી પડતી હોવાની સાથે આમ જનતા પણ તોબા પોકારી ઉઠી છે. આનાથી પણ વધુ ખરાબ સ્થિતિ તો રાત્રીના સમયે પેદા થાય છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં આવેલા જાહેર શૌચાલયમાં રાત્રે ૮ વાગ્યા પછી પ્રજાજનોની જીંદગીને જોખમમાં મુકવાનો ખીલવાડ શરૂ થઈ જાય છે. દિવસભર શૌચાલયની આજુબાજુ ઉભી રહેતી ફુટની લારીઓને રાત્રે જાહેર શૌચાલયના મકાનમાં બિન્દાસ્ત પણે પાર્ક કરી બહારથી લોખંડની જાળીને લોક મારી દેવામાં આવે છે. તેમજ ફુટની લારીઓમાં ફળફળાદી ખુલ્લી છોડી દેવાની સાથે શૌચાલયની અંદરના દરવાજા પણ ખુલ્લા રાખવામાં આવતા હોવાથી શૌચાલયમાં ગંદકી અને મળ, મૂત્રથી પેદા થતા બેક્ટેરીયા, વાઈરસ, માખીઓ, વંદાઓ આ ફુટ પર ચોટી જવાની સાથે રાત્રે લિજ્જત પણ માણતા હોવાથી ફળફળાદીમાં બગાડ અને રોગોનું વહન થઈ રહ્યુ હોય છે. ત્યારે સવારે આજ ફુટની લારીઓમાંથી ડિપ વિસ્તારમાં આવેલી સોસાયટીના નગરજનો, ડિપ વિસ્તારના પ્રજાજનો અને આજુબાજુમાં આવેલી હોસ્પિટલોના દરદીઓ અને સગાસંબંધીઓ આ ફુટને ખરીદી સ્વાસ્થ આરોગ્ય માટે તેમજ બિમાર દર્દીઓ ઝડપથી તંદુરસ્ત બને તે માટે આરોગતા હોય છે. ત્યારે આવા ફળફળાદીથી બિમારી દૂર થવાની તો ઠીક પરંતુ દર્દીઓને બીજા ગંભીર બિમારીઓમાં સપડાઈ લે છે. તેમજ નગરજનો બિમારીઓ આવા ફુટ ખરીદીને સામેથી ઘરે લઈ આવવાની સ્થિતિ પેદા થાય છે અને ફળફળાદી હોંશેહોંશે આરોગતા હોવાથી લોકો ગંભીર બિમારીઓ જેવી કે હિપેટાઈટીસ, ઝેરી કમળો, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી જેવી બિમારીઓનો જાણે અજાણે શિકાર બની જતા હોય છે. ક્યારેક આવી ગંભીર બિમારીઓથી મોત નિપજવાનો ભય રહેલો છે.

ત્યારે આ રીતે ગેરકાયદેસર રીતે જાહેર શૌચાલયમાં પાર્ક કરેલી ફુટની લારીઓમાંથી અત્યાર સુધી કેટલાય પ્રજાજનોએ ફુટની લિજ્જત માણી હશે અને અજાણ્યા અત્યાર સુધી કેટલાય લોકો બિમારીનો ભોગ બન્યા હશે તે વિચારવુ રહ્યુ. જાહેર શૌચાલયના તીરંગા ટ્રસ્ટ દ્વારા ચલાવતી ગેરરીતી અત્યાર સુધી મોડાસા નગરપાલિકાના સત્તાધીશો અને વહિવટી અધિકારીઓને જાણ નહી હોય અથવા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તે જોવું રહ્યું કે પછી મીલી ભગતના કારણે આવા ટ્રસ્ટો મનમાની ચલાવતા હશે ?

# મોડાસાના સાકરિયા કંપા પાસે બળદગાડુ અને કાર વચ્ચે અકસ્માત

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના સાકરિયાકંપા પાસે બળદગાડુ અને કાર વચ્ચે અકસ્માત થતા સાત વ્યક્તિઓ ઘાયલ થયા હતા સાતે ઘાયલોને ૧૦૮ મારફતે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા અને સદ નસીબે બીજી કોઈ જાનહાની થઈ નથી.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેરથી આશરે પાંચ કિલોમીટર દૂર સાકરિયા કંપા પાસે બળદગાડુ અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં સદ નસીબે કોય પણ જાતની જાનહાની થવા પામી નહોતી પરંતુ રોડની સાઈડ ઉપર ઉભેલ બળદગાડાને થોડું નુકશાન થયેલ હતુ અને બળદનો જમણી સાઈડનો પગ વધુ પડતી ઈજા થઈ હોય તેવું દંશ્યમાન થઈ રહ્યું છે. જ્યારે બીજી તરફ કાર નંબર જીજે૬ઈએચ-૧૬૦૬ એકાએક રોડ ઉપરથી ફંગોળાતા કારની અંદર બેઠેલ સાત વ્યક્તિઓને નાનીમોટી ઈજાઓ થવા પામી હતી. જ્યારે બળદગાડામાં બેઠેલ ત્રણ વ્યક્તિને પણ ઈજાઓ થઈ હતી. આ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે મોડાસા સાર્વજનીક હોસ્પિટલમાં ખસેડાયા હતા. અને સાર્વજનિક હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર શરૂ કરી દેવાઈ હતી. પણ આ દેશની કમનસીબી કે પોલીસને ત્યાં ઉભેલ વ્યક્તિઓએ ચાર વખત ફોન કર્યા છતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી ન હતી.

# ડૉ. સી.એલ. પટેલને ગુજરાત રત્ન એવોર્ડથી વિભૂષિત કર્યા

### ભારત સરકારના અંતરીક્ષ આયોગના સચિવ અને ઈસરોના અધ્યક્ષ ડૉ. કિરણ કુમારને હસ્તે સીવીએમ અધ્યક્ષ વતી માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલે એવોર્ડ સ્વીકાર્યો

વલ્લભ વિદ્યાનગર, તા.૧૭

વર્ષ ૨૦૧૧માં તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સ્થપાયેલી ગુજરાત ઈનોવેશન સોસાયટીએ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ નવતર પ્રયોગો અને યોગદાન કરવા બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલને તેનો શ્રેષ્ઠ 'ગુજરાત રત્ન' એવોર્ડ એનાયત કર્યો છે. બુધવાર ૧૫ એપ્રિલે ભારત સરકારના અંતરીક્ષ આયોગના સચિવ અને ઈસરોના અધ્યક્ષ ડૉ. એ.એસ. કિરણ કુમારને હસ્તે અમદાવાદ ખાતે યોજાયેલા સમારંભમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સોસાયટીના અધ્યક્ષ શ્રી સુનીલભાઈ શાહે ગુજરાત રત્ન એવોર્ડ માટેની પસંદગીની ભૂમિકા રજૂ કરી હતી.

તાજેતરમાં જ કોઈમ્બતૂર ખાતે સફળ શસ્ત્રક્રિયા બાદ વલ્લભ વિદ્યાનગર ખાતે આરામ કરી રહેલા ડૉ. સી.એલ. પટેલ વતી સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલે 'ગુજરાત રત્ન'નો એવોર્ડ સ્વીકાર્યો હતો. તેમની સાથે સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે. ડી. પટેલ અને માનદ સહમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ હાજરી આપી હતી.

ગુરુવારે ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીઓની ઉપસ્થિતિમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત ડૉ. પટેલના નિવાસસ્થાને તેમને ગુજરાત ઈનોવેશન સોસાયટીનો ગુજરાત રત્ન એવોર્ડ અર્પણ કરાયો હતો. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ. પટેલે જણાવ્યું હતું કે ગુજરાત ઈનોવેશન સોસાયટી તરફથી શિક્ષણ ક્ષેત્રે મારું જે યોગદાન છે તેના અનુસંધાનમાં મને ગુજરાત રત્ન એવોર્ડ અર્પણ થયો તે હું સ્વીકારું છું અને આ એવોર્ડની પ્રાપ્તિ મારા ચારુતર વિદ્યામંડળના સાથી મંત્રીશ્રીઓ, દાતાઓ અને હજારો શિક્ષકો, પ્રાધ્યાપકો તેમજ સભાસદોને હું અર્પણ કરું છું.

## રાંધેજામાં વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં વરલી મટકાનો જુગર રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડીને બે શખ્સોને ઝડપી પાડયા છે. રૂ. ૫૦૦ રોકડા તથા વરલી મટકાના આંકડા સહિત હિસાબના લખાણ વાળો ચોપડો જપ્ત કરી પેથાપુર પોલીસે રાંધેજાના વાસુ પટેલ સહિત બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## મા-બાપને ભૂલશો નહિનો આજે ૬૦મો શો યોજાશે

સિનીયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગરની સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી હરેશ ભટ્ટે જણાવેલ છે કે સાગર અકાદમી હિંમતનગર પ્રસ્તુત શ્રી ભરત વ્યાસ દિગ્દર્શિત સામાજિક કૌટુંબિક નાટક 'મા બાપને ભૂલશો નહિ'નો ૬૦મો શૉ તા. ૧૮મી એપ્રિલના રોજ સાંજે ૬-૦૦ વાગે ડૉ. આંબેડકર હોલ સે-૧૨માં યોજાશે.

# બાયડના જીતપુર ગામે આંબેડકર જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૧૭

ભારતના બંધારણના પિતા શ્રી ભીમરાવ બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે જીતપુર પ્રાથમિક શાળા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે આઠ વાગ્યે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું. શાળાના બાળકોએ સર્વધર્મ પ્રાર્થનાની રજુઆત કરી ત્યારબાદ સામાજિક વિજ્ઞાનના શિક્ષકશ્રી પુજાભાઈએ શ્રી આંબેડકરના જીવન તથા કાર્ય વિષે વિસ્તૃત માહિતી આપી હતી. શાળાના આચાર્ય શ્રીમતી સ્વાતિબાએ ભારતના બંધારણ અંગેની જરુરી તથા ઉપયોગી સમજણ આપી હતી.

'મારા પ્રિય નેતા' વિષય અનુસંધાને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ શુભ પર્વપર શાળાની એસ.એમ.સી. કમિટીના અધ્યક્ષ શ્રીમતી નસીમબાનુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ડૉ. આંબેડકરની તસ્વીરને ફુલહાર કર્યા. બાળકોએ પણ બંધારણના ઘડવૈયાને પુષ્પો દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

રેલી દ્વારા બાળકોએ ગામમાં ફરીને દેશના મહાન નેતાનો જીવનસંદેશ લોકો સુધી પહોંચાડયો. પંચાયત ભવન આગળ બાળકોએ ભજનની સુંદર રજુઆત કરી. ગામના સરપંચશ્રી સુનિતાબેને શ્રી આંબેડકરજીને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા ત્યારે ગામના આગેવાનો શ્રી ભરતભાઈ, શ્રી અંબાલાલ, શ્રી બહેચરભાઈ, શ્રી રવચંદભાઈ ઉપસ્થિત રહ્યા હતાં. ઉજવણીમાં જીતપુર પ્રાથમિક શાળાના શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ગુજરાતના એક હજારથી વધુ કાર્યકરો દિલ્હી રેલીમાં જોડાશે

અમદાવાદ, તા.૧૭

ભૂમિ અધિગ્રહણ કાનૂનમાં ખેડુતોના હિતોને ધ્યાનમાં રાખીને જે તે સમયે કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવેલી તમામ જોગવાઈઓને દુર કરીને માત્રને માત્ર સિમિત લોકોને ફાયદો થાય તે રીતે મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલા ખેડુત વિરોધી બે સંશોધનો સામે કોંગ્રેસ પક્ષ દ્વારા સંસદમાં અને સંસદની બહાર લોકશાહી રીતે વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમાં યુથ કોંગ્રેસ દ્વારા કિસાન સત્યાગ્રહ અને કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ રાજયોમાં જીલ્લા કક્ષાના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. ખેડુતો અને ખેત મજદૂરો વિરોધી મોદી સરકારની નીતિઓ સામે રાષ્ટ્રવ્યાપી કિસાન રેલીને નવી દિલ્હી, રામલીલા મેદાન ખાતે ૧૯મી એપ્રિલના રોજ બપોરે ૧૧-૦૦ કલાકે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સંબોધન કરવાના છે.

## શબ્દાવલી - ૫૭૦૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ■ | ■ |
| ૫ | | | ■ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | | | ■ | ૧૧ | | | |
| | ■ | ■ | ૧૨ | ■ | ■ | | ■ |
| ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | | ■ | |
| ૨૧ | | | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | |
| ૨૫ | | ■ | | ■ | ૨૬ | | |

### આડી ચાવી

૧. એક જાતના બિયા, ઔષધી (૫)
૫. રીવાજ (૩)
૬. રાજયના ગુરુ (૪)
૧૦. રોટલી શેકી કડક બનાવાય તે (૩)
૧૧. સમજ વગરનું (૪)
૧૪. આવવું - જવું તે (૫)
૧૮. ઊંચી બેઠક, તખ્ત (૩)
૨૦. મનાઇ જવું, ખીજનું વિરોધી (૨)
૨૧. સુનકાર, નિર્જન (૪)
૨૩. વેદોનો અંતિમ ભાગ (૩)
૨૫. વિચાર કરનાર ઇન્દ્રિય (૨)
૨૬. આંટો, ફેરો, ચક્કર (૩)

### ઊભી ચાવી

૧. હોબાળો, સનસનાટી (૪)
૨. કસક, શૂળ, પીડા (૩)
૩. ચોખાની ધાણી (૩)
૪. દોસ્તી (૩)
૭. કીર્તિ, યશ (૨)
૮. સુનમુન (૪)
૯. ઘા પુરાઇને નવી ચામડી આવે એટલે... આવી કહેવાય (૨)
૧૨. જુગાર (૨)
૧૩. પ્રવાહી પ્રસાદ લેવી (૪)
૧૫. પાણી (૨)
૧૬. ખરું લોહું (૪)
૧૭. નડતું હોય તેવું (૪)
૧૮. નાજુક, માસુમિયતથી ભરેલ (૩)
૧૯. વૃદ્ધ વડીલ (૨)
૨૨. પૈસા, વીટામીન - એમ (૨)
૨૪. વઢ્યાનું હિન્દી, બુરા (૨)

### શબ્દાવલી ૫૭૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) જગહ્સાઇ (૬) સરકવું (૭) બસર (૮) જોબ (૯) તગર (૧૧) ડટા (૧૨) યોની (૧૩) ટકાઉ (૧૪) ઘટાટોપ (૧૬) પાધરો (૧૮) પીકદાન (૨૦) ખરાબો

**ઊભી ચાવી :-** (૧) હસરત (૩) સાર (૪) ઇકરાર (૫) છેલબટાઉ (૭) બખીયો (૮) જોડકા (૧૦) ગપાટા (૧૩) ટપકવું (૧૪) ઘરોબો (૧૫) ટોપી (૧૬) પાખ (૧૭) ધરા (૧૯) નગ

## નિઃસ્વાર્થ સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષા પણ લેવાય છે. આ બાળકો નજીકની સરકારી શાળામાં અભ્યાસ કરતા હોય છે જેઓ વધારાનું શિક્ષણ અપાય છે. ઘરમાં અભણ માબાપ અને યોગ્ય વાતાવરણના અભાવે હોંશિયાર બાળકોનો વિકાસ રૂંધાય છે જેને સાચી દિશા આપવાનો આ નિઃશ્વાર્થ પ્રયાસ હોવાનું સેવા આપતા ઉત્સાહી શિક્ષકોને આ સામાજીક શિક્ષણના ભગીરથ કાર્યમાં જોડાવા અપીલ કરી છે. જો કે આ પ્રકારની આ સેવાકીય પ્રવૃત્તિ આવનારી પેઢી તથા ભવિષ્યના ભારત માટે ઉદાહરણરૂપ બનશે.

## કંપની સમાચાર

### સ્કીપર લિ.એ. પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમ સાથે ગુજરાતમાં તેના આગમનની જાહેરાત કરી

ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંથી એક સ્કિપર લિ. (બીએસઈ : ૫૩૮૫૬૨)એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરાતં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પુરી કરશે. ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળસંશાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલુ ભર્યુ છે. કેટલીક સામાજિક જવાદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એક્સલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨,૦૦૦ અર્ધ કુશળ અથવા અકુશળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલિમ આપી છે. કૃષિ સેક્ટર માટે સક્ષમતા અને વિકાસના આધઆરે જથ્થા અને ગુણવત્તામાં તાલિમબદ્ધ મેનપાવરની વેલ્યુ ચેઈનની વિકસતી જરૂરિયાત પુરી કરવામાં નોંધપાત્ર યોગદાન આપવાનો છે.

કંપનીના પીવીસી કારોબારમાં ૧૦૦ ટકાની અસાધારણ વૃદ્ધિ અનુભવાઈ છે અને પૂર્વીય બજારમાં કંપની ૮ ટકા જેટલો નોંધપાત્ર બજારહિસ્સો ધરાવે છે. સ્કીપર રૂપિયાનું પુરૂ વળતર પુરૂ પાડતા ઉત્પાદન તરીકે જાણીતી છે.

## જાહેર નિવિદા

**વાહન સુવિધા (હંકાવનારની સેવા સાથે) અને વાહન હંકારનારની સેવા પૂરી પાડવા અંગે**

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર ખાતેની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) અને વાહન હંકારનારની સેવા પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૦-૩૦ થી ૬-૦૦ કલાક વચ્ચે તા. ૨૫/૪/૨૦૧૫ સુધીમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરી ખાતેથી અરજી સાથે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની કચેરીના નામનો રૂ. ૨૫૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૨૭/૪/૨૦૧૫ના રોજ ૧૨.૦૦ કલાકે ગુજરાત રાજ્ય સંગીત નાટક, અકાદમી, ગાંધીનગરની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવ પત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં ઉપર્યુક્ત અધિકારીને તા. ૩૦/૪/૨૦૧૫ના રોજ ૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૭/૪/૨૦૧૫

સહી/-
(બી.એચ. તલાટી)
સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી
ગાંધીનગર

માહિતી/૧૨૦/૨૦૧૫-૧૬

## સેન્દ્રીય ખેતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમિતિ રચી હતી જે સમિતિએ આવેલા મુસદ્દાનો તાજેતરમાં મંત્રીમંડળની બેઠકમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. આ અંગેના નિયમો પણ આખરી કરી દેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સજીવ ખેતી માટે વિશેષ પ્રમાણપત્રો ખેડૂતોને અપાશે તેમજ તેમના ઉત્પાદનો માટે બ્રાન્ડીંગ અને માર્કેટીંગ માટે પણ સરકાર વ્યવસ્થા ઉભી કરશે. રાજ્યમાં ગત વર્ષે ૪૨ હજાર હેક્ટર વિસ્તારમાં સેન્દ્રીય ખેતીનું વાવેતર થવા પામ્યું હતુ. આ વખતે વિસ્તાર વધશે તેવો અંદાજ કૃષિ વિભાગ રાખી રહ્યું છે.

## સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ હવે શેરીમાં એકઠી થઈને ભજન-કિર્તન કરતી તેનું સ્થાન કિટી-પાર્ટીએ લીધુ છે, અથાણાં-વસાણાં, સારેવડા-પાપડી હવે પેકેજેડ ફુડ સ્લમે ઝઝુમી રહ્યા છે. પરિવારો ધીમે ધીમે સંયુક્તમાંથી વિભક્ત બની રહ્યાં છે, પ્રસંગો અને રીત રિવાજો ઉજવાય છે, પળાય છે પણ ઢોલીનું સ્થાન ડીજેએ લઈ લીધુ છે. અને મર્યાદાનું સ્થાન માદકતા પચાવી રહી છે. આદર, વિવેક અને કુટુંબભાવના ઉપરાંત આતિથ્યની સંસ્કૃતિ પણ હવે 'ફોર્માલીટી'નો ભોગ બની રહી છે. આજે જે સંસ્કૃતિ માટે સમગ્ર વિશ્વ ભારત તરફ મીટ માંડી રહ્યું છે શું તે સંસ્કૃતિ ભારતીયો જાળવી શકશે ખરા ? આજના વિશ્વ સંસ્કૃતિ દિવસે માત્ર આટલો જ વિચાર કરશું તો જરૂર લેખે લાગશે.

## ઉનાળો જામ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌ કોઈને અચરજમાં મુકી દીધા છે. ચાર પાંચ દિવસ પૂર્વે સર્જાયેલા હવામાન પલ્ટાના અંતે વરસાદ વરસ્યો હતો. ચૈત્રના આગમને અષાઢી માહોલ સર્જાયો હતો. ૧૫ દિવસમાં બે વાર વરસાદી વાયરો ફૂંકાતા વાતાવરણમાંથી ગરમી જાણે અદ્રશ્ય થઈ ગઈ હતી. પરંતુ છેલ્લા બે દિવસથી ફરી મૌસમનો મિજાજ બદલાતા ગરમીનો પારો ઊંચો ચઢયો છે. શહેરમાં એકબાજુ વેકેશનની મૌસમ પણ નિખરી છે. ત્યારે ગરમીએ પણ તીખો તેવર બતાવતા નગરજનો બેબાકળા બની ગયા છે. આજે પણ ગરમીનો આક્રમક મિજાજ જોવા મળ્યો હતો. ગરમીનો પારો ૪૦.૩ ડીગ્રીને પાર પહોંચી ગયો હતો. નગરના જનજીવન પર ગરમીની અસર વર્તાઈ હતી.

## જાહેર નિવિદા

નાણા વિભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rental Base થી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે, તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

આ અંગેના ભાવપત્રકો તા. ૫-૫-૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. આ કવર ઉપર 'ઝેરોક્ષ નકલો કરવાની કામગીરી બાબાત' લખવું.

સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૬-૫-૨૦૧૫ના રોજ બપોરે ૧૨ વાગે ખોલવામાં આવશે.

સહી/- (કે. કે. ખત્રી)
ઉપસચિવ, નાણા વિભાગ,
બ્લોક નં. ૪/૯ મે માળ, સચિવાલય, ગાંધીનગર

માહિતી/૧૧૯/૨૦૧૫-૧૬